ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૩૪ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૧ તળાવે શિયાળાની સવારે સ્વાસ્થ્ય પ્રેમીઓનો જમાવડો

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે પરંતુ શહેરીજનો પોતાના સ્વાસ્થ્ય સામે ઠંડીને આડી આવવા નથી દેતા. શહેરના સેકટર-૧ના લેકમાં દરરોજ સવારે શહેરીજનો મોર્નિંગ વોક અને યોગાસન કરવા માટે આવી રહ્યા છે. શિયાળામાં દિવસ ટૂંકો અને રાત લાંબી હોય છે ત્યારે સવારે ૬.૩૦ સુધી પણ અંધારું જ રહે છે પરંતુ શહેરીજનો આ તમામ પરિસ્થિતિ સાથે ચાલીને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા કેળવી રહ્યા છે.

કોરોના કાળ હજી પણ ચાલી જ રહ્યો છે. આ કાળ દરમિયાન શહેરીજનો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાન થાય હોય તેમ લાગી રહ્યું છે. આમ તો ઘણા જીમ અને યોગા કલાસ શહેરમાં કાર્યરત છે પરંતુ પોતે પણ વ્યકિતગત સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા રાખવી તેને હવે દરેક શહેરીજન પોતાની ફરજ સમજી રહ્યા છે. કોરોના કાળ દરમિયાન તમામને પોતાના સ્વાસ્થ્યનું મહત્વ સમજાયું છે તેમ દેખાઈ રહ્યું છે ત્યારે સે-૧ના લેકના ટ્રેક પર નાના બાળકોથી લઈ વૃધ્ધો સુધીના તમામ મોર્નિંગ વોક કરતા નજરે ચઢે છે. ઉપરાંત લેકના ગાર્ડનમાં પ્રાણાયામ, મેડીટેશન અને યોગ કરતા ખાસ યુવાનો અને વૃધ્ધો દેખાઈ રહ્યા છે.

આ તમામ સાથે વાત કરતા તેઓ જણાવે છે કે, ઠંડીના લીધે થોડા ઘરમાં જ રહીશું? આટલા મહિના આ લોકડાઉનમાં કોરોનાને કારણે ઘરમાં રહ્યા છીએ પરંતુ હવે આ કોરોનાના ડરમાંથી બહાર નીકળી કુદરતી હવા સાથે કુદરતના સૌંદર્યને માણવાનો સમય આવી ગયો છે. યુવાનો વિવિધ પ્રકારના યોગાસનો કરતા કરતા જણાવે છે કે આખો દિવસ વર્ક ફ્રોમ હોમ કરીને એક જગ્યાએ બેસી બેસીને કંટાળી જવાય છે. યોગા કરવાથી શરીર ફ્રેકલસીબલ બને છે સાથે સવારે વહેલા ઉઠી અહીં આવવા માત્રથી જ આળસ ઉડી જાય છે અને આખો દિવસ સારો અને તાજગીભર્યો રહે છે. શહેરના સે-૧ના લેક પાસે આમ શહેરીજનો દરરોજ વોકીંગ, કસરત કે યોગ કરતા સવારના ૫.૩૦ થી ૯ વાગ્યા સુધી નજરે ચઢે છે.

શહેરના યુવાનો ગૌ માતાના પૂજન થકી થર્ટી ફર્સ્ટ ઉજવશે

ગાંધીનગર, તા.૩૦

ખ્રિસ્તી વર્ષ ૨૦૨૦ વિદાય લઈ રહ્યું છે અને વર્ષના અંતિમ દિવસ તા. ૩૧મી ડિસેમ્બરે થર્ટી ફર્સ્ટની પાર્ટી આયોજિત કરીને ઉજવણી કરવાનો ટ્રેન્ડ ચોતરફ જોવા મળે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે રાજય સરકાર દ્વારા ડીજે ડાન્સ પાર્ટીઓ આયોજિત કરવા પર રોક લગાવી છે. જો કે ગાંધીનગરની કેએસવી યુનિવર્સિટીના સર્વ નેતૃત્વ ગૃપ તથા શહેરના રાધે પરિવાર દ્વારા આ દિવસની ઉજવણી કડી ખાતેની સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગૌશાળામાં આશ્રય લઈ રહેલી ૧૧૫ ગાય માતાના પૂજન થકી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યમાં સેવાભાવી યુવાનો નાત-જાત-ધર્મના ભેદભાવ વિના સાથે મળીને જોડાશે અને થર્ટી ફર્સ્ટની ઉજવણીનો નવો અભિગમ પ્રસ્તુત કરશે.

શહેરમાં ઉત્તરાયણનો તહેવાર આવે એના એક મહિના પહેલાથી જ શહેરમાં સેકટરે સેકટરે ગૃહિણીઓ દ્વારા કુતરાઓ માટે લાડવા બનાવીને તેમને ખવડાવવામાં આવે છે. આ પાછળ સેવાનો હેતુ તો છે પણ સાથે ઠંડીમાં કુતરાઓને લાડવા ખવડાવવાથી તેમને પણ શારિરીક રીતે બળ મળતું હોવાનું જણાય છે. હજુ તો ઉત્તરાયણને બે અઠવાડિયા જેટલો સમય બાકી છે ત્યારે ગૃહિણીઓ કુતરાઓ માટે લાડુ બનાવવામાં લાગી ગઈ છે. ઘણી પ્રાણી પ્રેમી સંસ્થાઓ પણ આ સેવા કાર્યમાં જોતરાય છે. સેકટર-૫ના પ્રાણી પ્રેમી ગૃહિણી રીટાબેન પટેલે ઉત્તરાયણ નિમિત્તે કુતરાઓને ૭૦ કિલો લાડુ બનાવીને ખવડાવ્યા હતા.

આવતીકાલે નવા વર્ષ ૨૦૨૧નો પ્રારંભ સે-૨૪માં રકતદાન શિબિરથી થશે

ગાંધીનગર, તા.૩૦

કોરોના મહામારીના આ કપરા કાળમાં બ્લડ બેકોમાં રકત પુરવઠાની અછત સર્જાઈ રહી છે જેને પહોંચી વળવા વિવિધ સંસ્થાઓ કમર કસીને કામ કરી રહી છે. ગાંધીનગરમાં આગામી તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૧ શુકવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૪માં કોલવડા રોડ પર ગોપાલ ડેરીની બાજુમાં હરસિધ્ધ નગર (ડબલડેકર)ના મકાન નં. ૨૩૭માં પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર ખાતે સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિર પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર તથા ઈન્ડિયન રેડકોસ સોસાયટીની કલોલ શાખા દ્વારા સંયુકત ઉપકમે આયોજિત કરવામાં આવ્યો છે.

સિનીયર સિટીઝનને બસભાડામાં ૫૦ ટકા રાહત આપો : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતની સરકારે નિયમોને આધીન યાત્રા સ્થળોની એસટી દ્વારા થતી મુસાફરીમાં સિનિયર સિટીઝનોને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવાની યોજના અમલમાં મૂકી છે તેને વધુ વિસ્તારીને સિનિયર સિટીઝનની એસટી બસની તમામ મુસાફરીને આ જોગવાઈ લાગુ કરવાની માગણી કરતાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે રાજયના ૬૦ વર્ષથી ઉપરની વયના વરિષ્ઠ નાગરિકો પાસે આવકનાં કોઈ સાધનો હોતાં નથી. તેઓ સંપૂર્ણ રીતે પરિવારને આધારિત હોય છે. સરકારના નિવૃત થયા હોય તેવા કર્મચારીઓને પેન્શન મળતું હોય છે, પરંતુ તેમની સંખ્યા ઘણી મર્યાદિત હોય છે.

ભારત સરકાર દ્વારા વરિષ્ઠ નાગરિકોને રેલ્વે મુસાફરી તેમજ હવાઈ મુસાફરી માટે ૫૦ ટકા રાહત આપવામાં આવે છે તે જ ધોરણે રાજય સરકાર પોતાની એસટી બસોમાં મુસાફરી કરતાં સમાજના તમામ વર્ગના સિનિયર સિટીઝનોને ૫૦ ટકા રાહત આપે તે આજની મોંઘવારીના સમયમાં અનિવાર્ય છે. વરિષ્ઠ નાગરિકો દ્વારા વધુ સંખ્યામાં એસટી બસોનો ઉપયોગ થતાં મુસાફરોની સંખ્યામાં વધારો થવાથી (યુટીલીજેશન રેટ વધતાં) એસટીની આવકમાં વધારો થશે.

દેશના અન્ય કેટલાંક રાજયોમાં પરિવહન વિભાગની બસોમાં ટીકીટ દરમાં ૫૦ ટકા રાહત આપવાની જોગવાઈ છે. પ્રગતિશીલ સંવેદનશીલ ગુજરાત સરકાર પણ વરિષ્ઠ નાગરિકોને એસટી બસની મુસાફરીમાં ૫૦ ટકા રાહત આપવાનો નિર્ણય તરત જાહેર કરશે તેવી આશા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે વ્યકત કરી છે.

જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં સર્વ એચ.બી. વરિયા, વાગ્મિનભાઈ બૂચ, સુમંતભાઈ શાહ, પ્રો. રવીન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, જે.જી. વોહરા, શકુંતલાબેન ગોર, રાજેન્દ્રભાઈ પારેખ, લક્ષ્મણસિંહ રાજપુત, કુસુમબહેન જોષી વગેરેએ ઉપસ્થિત રહીને મહત્વનાં સૂચનો કર્યા હતા.

ભાટ રાધે કુટીર બંગ્લોઝમાં તસ્કરો ત્રાટકયા : રૂ. ૧.૪૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર- એરપોર્ટ માર્ગ પર ભાટ ગામની સીમમાંસ્થિત રાધે કુટીર બંગ્લોઝ મકાન નં.૨૮ ખાતે રાત્રીના સમયે તસ્કરો ત્રાટકયા છે. બંગ્લોઝના પાછળના ભાગના દરવાજામાંથી પ્રવેશી રસોડાની બારીના સ્કુ ખોલીને બેડરૂમની અંદર પ્રવેશેલા તસ્કરોએ રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૧.૪૫ લાખની મત્તાની ચોરી થવા પામી છે. પરિવાર ઘરમાંજ સુઈ રહ્યો હતો અને તસ્કરો કળા કરી ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે અતિશ પટેલની ફરીયાદને પગલે પોલીસે તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણાના વતની અતિશકુમાર રમેશચંદ્ર પટેલ ભાટ રાધે કુટીર બંગ્લોઝ નં.૨૮ ખાતે રહે છે અને કઠવાડા જીઆઈડીસીમાં ફેકટરી ચલાવે છે. ફરીયાદી એક માસ પહેલા જ પરિવાર સાથે રાધે કુટીર ખાતે રહેવા આવ્યા હતા. સવારના સાડાસાત વાગ્યાના અરસામાં ફરીયાદીના પત્ની ઉઠ્યા હતા તે સમયે પાછળનો દરવાજો ખુલ્લો હતો. જેને પગલે તેઓએ તપાસ કરતા પાછળના ભાગે આવેલા દરવાજો ખુલ્લો હતો અને રસોડાની બારીના સ્કુ ખુલેલા હતા. તેઓ ઘરમાં તપાસ કરતા નીચેના રૂમમાં પડેલા લાકડાના કબાટ ખુલ્લુ હતું. અને સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. લાકડાના કબાટમાં રહેલુ પાકીટ ગાયબ હતું તેમજ પાકીટમાં રહેલા રોકડા રૂ.૨૫ હજાર, ફરીયાદીના પત્નીનું પાનકાર્ડ, આધારકાર્ડ, બે ક્રેડીટ કાર્ડ હતા. આ ઉપરાંત કબાટમાંથી રૂ.૬૨ હજારનું સવા તોલાનું મંગળસુત્ર, ૫૦ હજારની બે સોનાની વીટીં, ૩ હજારનું બ્રેસલેટ, રૂ.૫ હજારની કિંમતની બગસરાની વસ્તુઓ મળી કુલ રૂ.૧.૪૫ લાખની મત્તા ગુમ હતી. ઘટના અંગે જાણ થતા અડાલજ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે અતિશ પટેલની ફરીયાદ લઈ ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ પીએસઆઈ વી.એ.પરમાર ચલાવી રહ્યા છે.

ડીજે પાટીઓ પર રોક લાગતાં નાની-નાની ખાનગી પાર્ટીઓથી થર્ટી ફર્સ્ટ ઉજવાશે...!!

ખાલી બંગલા, ફાર્મ હાઉસ કે ફલેટના ધાબે સિમિત સંખ્યામાં અંગત મિત્રો સાથેની પાર્ટીના આયોજનો : પોલીસની ઘોંસથી બચવા સોશ્યલ મિડીયા પર પણ નવા અંગત ગૃપ બનાવીને ગુપ્તતા જાળવવા પ્રયાસ

ગાંધીનગર, તા.૩૦

કોરોના મહામારીમાં સમગ્ર જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે. સામાજિક રીત-રિવાજો બદલાઈ ગયાં છે અર્ને ૨૦૨૦ના વર્ષના લગભગ તમામ તહેવારોની ઉજવણી પર ઘેરી અસર પડી છે. સરકાર દ્વારા આગામી તા. ૩૧મી ડિસેમ્બરે થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે યોજાતી ડીજે પાર્ટીઓ પર પણ રોક લગાવી દીધી છે પરંતુ હવે દરેક તહેવાર ઉજવવાના અવનવા રસ્તા શોધી કાઢતા ઉત્સાહી પાર્ટી લવર્સે આ વર્ષે થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે મોટી ડીજે પાર્ટીના બદલે નાની નાની ગૃપ પાર્ટીઓનો આઈડીયા શોધી કાઢયો છે જે અંગત સ્થળોએ આયોજિત કરાશે જેથી જાહેર ઉજવણીની ગાઈડલાઈન અને પોલીસની ઘોંસથી બચી શકાય.

શહેરમાં અનેક નાગરિકો દ્વારા પોતાના મિત્ર વર્તુળ સાથે થર્ટી ફર્સ્ટને ઉજવવાના અંગત આયોજનો કરવામાં આવ્યા છે જેમાં ૧૫-૨૦ થી માંડીને ૩૦-૩૫ની સંખ્યાના ગૃપમાં કોઈ ખાનગી ફાર્મ હાઉસ કે કોઈના બંગલાના ટેરેસ પર ડાંસ પાર્ટી યોજવાના આયોજનોનો સમાવેશ થાય છે. આ માટે દરેકને અંગત રીતે આમંત્રિત કરી સોશ્યલ મિડીયા પર તેના નવા અંગત ગૃપ બનાવીને બધું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. જેથી વધુ પડતી સંખ્યા એકઠી થઈ ના જાય અને અન્ય કોઈ મુશ્કેલી ના નડે તે રીતે થર્ટી ફર્સ્ટ ઉજવી શકાય. આ સાથે કેટલીક રહેણાંક સોસાયટીઓમાં નજીકના આડોશી-પાડોશી મિત્રો કે કિટી પાર્ટીના સભ્ય મળીને ફલેટ એપાર્ટમેન્ટના ધાબે અથવા એકાદ ખાલી મકાનમાં થર્ટી ફર્સ્ટ ઉજવવા નાસ્તા પાણીની જયાફત સાથેની મ્યુઝિક-ડાન્સ મસ્તી પાર્ટીના આયોજનો પણ કરવામાં આવી રહ્યા છે. શહેરની આસપાસના આશરે ૨૦ કિમીના ઘેરાવમાં આવતા ઘણા બધા ફાર્મહાઉસ અથવા ખાનગી બંગલા કે નાની મોટી હોટલના બેન્કવેટમાં પ્રાઈવેટ પાર્ટીના આયોજન પણ કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં કોવિડ-૧૯ની હિસ્ટ્રી પુછીને જ આમંત્રણ આપવામાં આવે છે.

સરગાસણ ચોકડી ખાતે આમ આદમી પાર્ટીના ગાંધીનગર કાર્યાલયનું ઉદઘાટન

ગાંધીનગરમાં આગામી મહાનગરપાલિકાની ચુંટણીઓ સંદર્ભે રાજકીય પાર્ટીઓમાં સળવળાટ શરૂ થઈ ગયો છે. આ વખતે ચુંટણી જંગ બહુપાંખીયો બની રહે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. આજે શહેરમાં સરગાસણ ચોકડી વિસ્તારમાં અટ્રીયા કોમ્પ્લેક્ષ ખાતે આમ આદમી પાર્ટીના નવા શહેર કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ભેમાભાઈ ચૌધરી અને અમદાવાદ ઝોનના પ્રદેશ સંગઠન મંત્રી યુવા નેતા હસમુખભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે આમ આદમી પાર્ટીના નવા જુના સંનિષ્ઠ કાર્યકરોની ઉત્સાહરી હાજરીમાં આગામી ચુંટણીઓના સંદર્ભે પોતાની રણનીતિ બનાવી રહ્યા હોવાનું પાર્ટી પ્રવકતા આશિષ જાલાએ જણાવ્યું હતું.

દુકાન ફાળવણીમાં રહી ગયેલા અસરગ્રસ્ત ખેડૂતોને ઝડપથી ન્યાય આપવા માંગ

અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા ખેડૂતોને સત્વરે ન્યાય નહી મળે તો હાઈકોર્ટ અને માનવ અધિકાર પંચ સમક્ષ જવાની ચિમકી : છેલ્લા ૨૫ વર્ષથી ડ્રોની કાર્યવાહી સ્થગિત છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની રચના સમયે પાટનગર યોજનાના બાંધકામ માટે પોતાની મહામુલી ખેતીની જમીન આપનાર ખેડૂતોને સરકાર દ્વારા નોકરી, દુકાન અથવા ખેતીની જમીન આ ત્રણમાંથી એક લાભ મળે તેવી જોગવાઈ કરી હતી. તેમાં દુકાનનો વિકલ્પ અપનાવનાર ખેડૂતો પૈકી છેલ્લે આશરે ૪૦ થી ૪૫ જેટલાં ખેડૂતોને દુકાન ફાળવવાની બાકી રહી છે જે વાતને ૨૫ વર્ષ જેટલો સમય વીતી જવા છતાં તંત્ર દ્વારા માત્ર ગાજર લટકાવી રાખ્યું હોય તેમ કોઈ નકકર આયોજન કરવામાં આવતું નથી. આ અસરગ્રસ્ત ખેડૂતોની બીજી કે ત્રીજી પેઢી બદલાઈ જવા છતાં તેમને ન્યાય મળી રહ્યો નથી તેથી ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા માર્ગ અને મકાન વિભાગના સચિવને પત્ર લખી સત્વરે આ પડતર પ્રશ્ન ઉકેલવા માંગ કરી છે અને જો સત્વરે અસરગ્રસ્ત ખેડૂતોને ન્યાય આપવામાં નહીં આવે તો હાઈકોર્ટથી માંડીને માનવ અધિકાર પંચ સમક્ષ રજુઆતની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પાટનગરના નિર્માણ સમયે તા. ૩૦મી નવેમ્બર ૧૯૭૮ના ઠરાવથી ખેડૂતોને આપવામાં આવેલા ત્રણ વિકલ્પો પૈકી દુકાનનો વિકલ્પ અપનાવનારને શહેરમાં નવી અને ખાલી દુકાનો ડ્રો કરીને દુકાનો ફાળવવામાં આવી હતી. આ યાદીમાં આશરે ૪૦ થી ૪૫ અસરગ્રસ્ત ખેડૂત લાભાર્થીઓના નામ બાકી હતી અને પછી ૨૫ વર્ષ વીતી જવા છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવી દુકાનો બનાવીને ડ્રો કરવા સહિત કોઈ કામગીરી આ બાબતે હાથ ધરવામાં આવી નથી અને ખેડૂતો તેમને દુકાન મળશે તેની આશામાં પોતાની બીજી કે ત્રીજી પેઢી બદલાઈ જવા છતાં રાહ જોઈને બેઠાં છે. જેમને નિરાશા સિવાય હજુ કશું મળ્યું નથી આ ખેડૂતોની રોજી રોટીની પણ તંત્રને કોઈ લેશમાત્ર ચિંતા નથી કે સંવેદના નથી તેવું અસરગ્રસ્ત વસાહત મહાંમડળના પ્રમુખ ભરતસિંહ બિહોલાએ તેમની લખિત રજૂઆતમાં જણાવતા માંગ કરી છે કે વર્ષ ૨૦૧૮થી કરવામાં આવેલી વારંવાર રજૂઆતો સંદર્ભે જે કાર્યવાહી કરવામાં આવી નથી તેને સત્વરે હાથ ધરી જમીન સંપાદનને ૫૮ વર્ષ પૂર્ણ થયાના લાંબા સમય પછી પણ ન્યાય મળે તે જરૂરી છે. જો સત્વરે આ બાબતે સમીક્ષા અને નિર્ણાયક કાર્યવાહી નહીં કરાય તો મહામંડળ દ્વારા મજબુરી વશ ખેડૂતોના ન્યાય માટે ગુજરાત હાઈકોર્ટ અને માનવ અધિકાર પંચ સમક્ષ રજુઆત કરવાની ફરજ પડશે તેવી ચેતવણી ઉચ્ચારી છે.

શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિના ગાંધીનગર કાર્યાલયનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૩૦

કરોડો ભારતવાસીઓની આસ્થાના સ્થાન અયોધ્યામાં શ્રીરામના જન્મભૂમિ મંદિરના નિર્માણ માટે નિધિ સમર્પણ સમિતિની રચના બાદ મંગળવારે પાટનગરમાં સેકટર-૭ સ્થિત શ્રી ભારતમાતા મંદિર ખાતે જિલ્લા કાર્યાલયનો શુભારંભ કાર્યક્રમમાં મેયરશ્રી રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. મેયરશ્રીએ જણાવ્યું કે આગામી મકરસંકાંતિથી લઈને માઘપૂર્ણિમા સુધીમાં સમગ્ર દેશના ૧૧ કરોડ પરિવારોને નિધિ સમર્પણ અભિયાનમાં જોડવામાં આવનાર છે.

શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિના ગાંધીનગર જિલ્લા કાર્યાલયના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રી, સ્વામીનારાયણ ગુરુકૂળના માધવ સ્વામીજી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંઘચાલક ડૉ. ભરતભાઈ પટેલ, વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંતના કાર્યકારી અધ્યક્ષ હર્ષદભાઈ ગિલીટવાળા, પ્રાંત મંત્રી અશ્વિનભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર મંછાજી ચેલાજી, ઉ.વ. ૫૦, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. મંગુબેન સોમાજી ઠાકોર, ઉ.વ. ૭૫, સેકટર-૩૦, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પંચાલ મનુભાઈ મગનલાલ, ઉ.વ. ૭૮, સેકટર-૫, ગાંધીનગર